# આકાશવાણી-ભુજ

**સમાચારવાચક : અશરફ નથવાણી**

**કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક**

**તારીખ-૨૭-૦૭-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક :

નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં અધ્યક્ષપદે હાલ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં રાજ્યોનાં મુખ્યમંત્રીઓ, કેન્દ્ર શાસિત પ્રદેશોનાં ઉપરાજ્યપાલો, નીતિ આયોગના ઉપાધ્યક્ષ એ ભાગ લીધો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાતની સંપૂર્ણ પ્રતિબદ્ધતા આ બેઠકમાં વ્યક્ત કરી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ લક્ષ્યો સુઆયોજિત અને સુવ્યવસ્થિત રીતે સિદ્ધ કરવા માટેની થિંક ટેંક તરીકે ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સ્ફોર્મેશન(ગ્રિટ) ની સ્થાપના કરવાની નેમ વ્યક્ત કરી હતી.

તેમણે વધુમાં કહ્યું કે,જાન્યુઆરી-૨૦૨૪માં યોજાયેલી વાઇબ્રન્ટ સમિટમાં ગુજરાતે સેમિકન્ડક્ટર સેક્ટરમાં આત્મનિર્ભરતાની દિશામાં એક મોટું કદમ ભર્યું છે તેનો લાભ સમગ્ર દેશ અને વિશ્વને થશે.

રાજ્યમાં ૪૩ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે.તેમાંથી ૯ લાખ જેટલા ખેડૂતો ૭ લાખ એકરથી વધુ જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે તેની પણ વિગતો મુખ્યમંત્રીએ આપી હતી.

**RNU અમદાવાદ**

---

## કચ્છના કારીગરોને સંત કબીર એવોર્ડ :

ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય દ્વારા વણાટ ક્ષેત્રે કચ્છના બે કારીગર ભુજોડીના દેવજીભાઈ વણકર અને આધોઈના મગનભાઈ વણકરને સંત કબીર એવોર્ડ જાહેર કરાયો છે.આગામી 7મી ઓગસ્ટે હેન્ડલૂમ ડેની ઉજવણી નિમિત્તે આ એવોર્ડ એનાયત કરાશે.દેવજીભાઈ વણકરને અગાઉ 2006માં નેશનલ મેરિટ, 2007માં રાષ્ટ્રીય પુરસ્કાર મળી ચુક્યા છે,તો અમેરિકા, જાપાન, મલેશિયા, નેધરલેન્ડ સહિત દેશ-વિદેશમાં અનેક સ્થળે કચ્છની હાથસાળના ઉત્પાદનોના પ્રદર્શન પણ તેમણે યોજ્યા છે.બીજી બાજુ,મગનભાઈ વણકરને 2018માં નેશનલ મેરિટ સર્ટિફિકેટ,પણ મળી ચુક્યો છે.આ બે કારીગરોને એવોર્ડ જાહેર થતાં કચ્છના કારીગરોમાં ઉત્સાહ છવાયો છે.

**NP-અશરફ નથવાણી**

---

## સામાજિક વનીકરણ :

જિલ્લામાં અત્યાર સુધી સામાજિક વનીકરણ વિભાગ દ્વારા દરેક તાલુકામાં કાર્યરત નર્સરીઓમાંથી વિક્રમી ગણી શકાય તેટલા 16.77 લાખ રોપાનું વિતરણ કરવામાં આવ્યું છે.સામાજિક વનીકરણ વિભાગના અધિકારી હરેશ મકવાણાએ વિગતો આપતાં કહ્યું કે,એક પેડ મા કે નામ ઝુંબેશ અંતર્ગત વૃક્ષારોપણ કચ્છમાંથી નોંધપાત્ર પ્રતિસાદ મળી રહ્યો છે.લોકો વન વિભાગની નર્સરીમાંથી રોપા મેળવી વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં જોડાઈ રહ્યા છે.વધુમાં ખેડૂતો પણ પોતાના ખેતરમાં વૃક્ષ વાવવા ઈચ્છે,તો વન વિભાગની વિવિધ યોજનાનો લાભ મેળવી શકે છે.અત્યાર સુધી જિલ્લામાં ૩૨૫ ખેડૂતે 2.17 લાખ રોપા માટે નોંધણી કરાવી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

**NP-અશરફ નથવાણી**

---

## વિશ્વ ચેરિયા દિવસની ઉજવણી :

વિશ્વ ચેરિયા દિવસ નિમિત્તે પશ્ચિમ કચ્છ વન વિભાગ દ્વારા નારાયણ સરોવરમાં ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વન વિભાગના કર્મચારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.લોકો ચેરનું મહત્ત્વ સમજી શકે તેમજ લોકજાગૃતિ ફેલાઈ શકે તે હેતુથી તેની વિવિધ ઉપયોગિતા તથા મહત્ત્વ બાબતે માહિતી આપવામાં આવી.

**NP-અશરફ નથવાણી**

---

## પ્રધાનમંત્રી-મન કી બાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચાર રજૂ કરશે.સવારે અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ આ કાર્યક્રમનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે.આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક,AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

**RNU અમદાવાદ**

---

## વરસાદ :

સમગ્ર રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. સત્તાવાર આંકડા મુજબ, આજે 22 તાલુકામાં હળવોથી મધ્ય વરસાદ વરસ્યો છે.

કચ્છમાં અમુક વિસ્તારને બાદ કરતાં સાર્વત્રિક મેઘવૃષ્ટિ વરસ્યા પછી છેલ્લા ત્રણ દિવસથી વાદળછાયા માહોલમાં મેઘવિરામની સ્થિતિ જોવા મળી રહી છે. આ વચ્ચે હવામાન વિભાગે 29 તારીખથી વરસાદનો વધુ એક સારો રાઉન્ડ શરૂ થાય તેવી સંભાવના વ્યક્ત કરી છે.હવામાન વિભાગે 29 અને 30 તારીખે કેટલાંક સ્થળે ભારે વરસાદનું યેલો એલર્ટ જારી કર્યું છે.બંગાળની ખાડીમાં એક વરસાદી સિસ્ટમ સર્જાઈ રહી છે.તો અરબી સમુદ્રમાં પણ થોડી હલચલ જોવા મળી રહી છે,જેની અસરથી રાજ્યના અન્ય વિસ્તારોની સાથે કચ્છમાં પણ ફરી એકવાર વરસાદી માહોલ થોડો તીવ્ર બને તેવાં એંધાણ દેખાઈ રહ્યાં છે.

**NP-અશરફ નથવાણી**

-----------------------------------------------------------------------------------

## <u>ક્રિકેટ :</u>

ભારત અને યજમાન શ્રીલંકા વચ્ચે પ્રથમ T-20 ક્રિકેટ મેચ આજે સાંજે 7 વાગ્યાથી પલ્લેકેલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે.સૂર્ય કુમાર યાદવને ત્રણ મેચની શ્રેણી માટે ભારતીય ટીમનો નવો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. વિશ્વ કપ જીત્યા બાદ રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજાએ T-20માંથી નિવૃત્તિ લીધી હતી.બીજી તરફ શ્રીલંકા પણ નવા કેપ્ટન ચરિથ અસલાંકાના નેતૃત્વમાં રમશે.

**NP-અશરફ નથવાણી**

-----------------------------------------------------------------------------------